ચાર્જશીટ રજૂ તારીખ :૨૧/૧૨/૧૭.
દાખલ તારીખ : ૨૧/૧૨/૧૭
જજમૅન્ટ તારીખ :૦૧/૦૧/૨૦૧૮
અવધિ : – વર્ષ – માસ – દિવસ

**અમદાવાદનાં મહે. ઍડિ. ચીફ મૅટ્રો.મૅજિસ્ટ્રેટશ્રી કૅાર્ટમાં, કૅાર્ટ નં.૭, અમદાવાદ.**

**ક્રિમી. કેસ નં.૭૯૭૩૧/૧૭**

**આંકઃ–૫.**

ફરીયાદી : શ્રી સરકાર.

વિ રૂ દ્ધ

આરોપી : અહેમદ મુસ્તાક અહેમદ અન્સારી,ઉવ.પુખ્ત.
ઈમ્તીયાઝભાઈના મકાનમા, ભવાની ચોક, સંદરમનગર,
રખીયાલ,અમદાવાદ.

સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી ત્રિવેદી.
આરોપી તરફે વિ.વ.શ્રી જી.એસ.સોલંકી.

ગુનો :– ઈ.પી.કો. કલમ–૨૮૩ મુજબ......

**–: ચુ કા દો :–**

૧. ફરીયાદ પક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ, ગઈ તા.૨૭/૧૧/૧૭ના કલાકઃ૧૯/૦૦ વાગે પોતે પોતાના કબજાની સાયકલ સ્ટોર આગળ જાહેર રોડ ઉપ્ર સાયકલો રાખી, રસ્તામા ચાલતા જતા રાહદારીઓ તેમજ ટ્રાફીકને અડચણ રુપ થાય તેમજ જાનમાલને હાનિ થાય, તે રીતે રાખી, ઈ. પી. કોડની કલમ–૨૮૩ મુજબ નો ગુનો કરેલ જેની ફરીયાદ ફરીયાદીએ આઈ.ડીવી. પોલીસ સ્ટેશન મા આપતાં, પોલીસે તપાસનાં અંતે આરોપી વિરૂધ્ધ પૂરતો પુરાવો મળી આવતાં, આ કામે ચાર્જશીટ આ અદાલતમાં દાખલ કરેલ છે.

૨. આરોપીને કૅાર્ટ દ્વારા સમન્સ ઈશ્યુ કરવામાં આવતાં, તેની બજવણી થતાં, તેઓ કૅાર્ટ રૂબરૂ હાજર થતાં, આંક–૨ થી આરોપીની પ્લી રૅકર્ડ કરતાં, આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર

કરેલ. જેથી, સદર કેસ ફરીયાદ પક્ષનાં પુરાવા પર મુલત્વી રાખવામાં આવેલ.

૩. ત્યાર બાદ સદર કામે ફરીયાદ પક્ષ તરફે પોતાનાં કેસની હકીકતનાં સમર્થનમાં આંક–૩ થી રતનસિંહ ફુલસિંહ નાઓની જુબાની લેવામા આવેલ છે તેમજ આંક–૪ થી ફરિયાદ રજૂ કરવામા આવેલ છે. ત્યારબાદ, ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતી થી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરેલ છે.

૪. આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતાં,સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ કરેલી દલીલો તેમજ આરોપીપક્ષે આરોપીનાં વિ.વ.શ્રીએ કરેલી દલીલો ધ્યાને લીધી.

૫. આ કેસનાં આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુ દ્દા :–**

૧. શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ તા.૨૭/૧૧/૧૭ના કલાકઃ૧૯/૦૦ વાગે પોતે પોતાના કબજાની સાયકલ સ્ટોર આગળ જાહેર રોડ ઉપ્ર સાયકલો રાખી, રોડ ઉપર આવતા જતા રાહદારીઓ અને ટ્રાફીકને અડચણ રુપ થાય તેમજ જાનમાલને હાનિ થાય, તે રીતે રાખી, ઈ. પી. કોડની કલમ–૨૮૩ મુજબ નો ગુનો કરેલ છે ?

૨. શું હુકમ?

૬. ઉપરોકત મુદ્દાઓ માટે નીચે મુજબ જવાબ આપુ છું.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

**મુદ્દા નં. ૧ :–**

૭. આરોપી સામેનો હાલનો ગુન્હો ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ આરોપી સામેના ગુનાની હકીકત ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવાની હોય

છે અને હાલના કેસમાં પણ આરોપી સામેના આક્ષેપિત ગુન્હાની હકીકત સાબિત કરવાનો પુરાવાનો બોજ ફરિયાદપક્ષ પર રહેલો છે.

૮. આ કામે ફરિયાદ પક્ષે પોલીસ અધીકારી ને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં આરોપીએ પોતાના કબજાનુ વાહન જાહેર રોડ ઉપર રાહદારી તથા ટ્રાફીકને અડચણ થાય તે રીતે રાખતા ફરીયાદ નોંધેલ અને જે ફરીયાદમા તેમની સહી ઓળખી બતાવેલ છે આમ, ઉપરોકત તપાવામા આવેલ સાહેદ પોલીસ કર્મચારી છે અને સ્વાભાવિક ક્રમમાં તેઓએ પોતાનાં કેસને સત્ય પુરવાર કરવા માટે, પોતાનાં ખાતાના કર્મચારીના સમર્થનમાં ફરિયાદ પક્ષની હકીકતને સમર્થનકારી જુબાની આપેલ છે. આ સાહેદની જુબાનીમાંથી રૂટિન પોલીસ કામગીરીની વિગતોનું વર્ણન નીકળી આવે છે. આ કામે સાહેદ ધ્વારા બનાવવાળી જગ્યાનુ કોઈ પંચનામુ રજુ થયેલ નથી કે કોઈ મુદ્દામાલ કબજે કરેલ નથી કે તેમણે સ્થળ તપાસ કરેલ નથી કે સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી વધુમા, સદરહુ ફરિયાદની હકીકતને સમર્થન આપતાં અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને ફરિયાદ પક્ષે તપાસેલ નથી. એ હકીકત છેકે ફરિયાદવાળો બનાવ જાહેર જગ્યાએ બનેલ છે અને તે જગ્યાએ ઘણાં માણસોની અવર–જવર રહે છે. તપાસ દરમ્યાન અન્ય માણસોની અવર–જવર રહે છે. તપાસ દરમિયાન અન્ય સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં ફરિયાદ પક્ષ દ્વારા તેને ચાર્જશીટમાં સાહેદ તરીકે બતાવવામાં આવેલ નથી કે આવા સ્વતંત્ર સાહેદોને સાહેદ તરીકે તપાસેલ પણ નથી.

૯. ફરિયાદ પક્ષે ઉપરોકત સાહેદ સિવાય અન્ય કોઈ સાહેદ ને તપાસવામાં આવેલ નથી.

૧૦. વધુમા આ કામના આરોપીનુ કૃત્ય કેવી રીતે ટ્રાફીક ને અડચણરૂપ હતુ તેવી પણ કોઈ સ્પષ્ટ હકીકત રેકર્ડ પર આવી શકેલ નથી. હાલના તબકકે એ ધ્યાને લેવું જરૂરી છે કે, ફરીયાદ પક્ષે અન્ય સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં તેને ચાર્જશીટમાં સાહેદ તરીકે બતાવવામાં આવેલ નથી કે તપાસેલ પણ નથી, જે બાબત ખરેખર શંકાસ્પદ બની રહે છે. પ્રસ્થાપિત સિધ્ધાંત જોવામાં આવે, તો પોલીસ સાહેદનાં પુરાવાને ત્યારે જ માનવો જોઈએ જયારે આવો પુરાવો વિશ્વસનીય હોય, આ કામે અન્ય સ્વતંત્ર સાહેદોનાં નિવેદન લેવામાં આવેલ નથી. આમ, આ કામે ફરિયાદપક્ષ પક્ષ વર્તમાન આરોપી વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ તહોમત મુજબનો આક્ષેપ કાયદા મુજબ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે.

*૧૧. આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર મૌખીક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા બનાવ તારીખે,સમયે અને સ્થળે ઘણી દુકાનો આવેલ છે તેમજ આરોપીએ ટ્રાફીકને અડચણરૂપ થાય તેવો કોઈ જ પુરાવો ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરિયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. જેથી, આરોપીને તકસીરવાર ઠરાવી શકાય, તેવો કોઈ સ્વતંત્ર પુરાવો રજૂ થયેલ ન હોઈ, ઉપરોકત કરેલ ચર્ચાને લક્ષમાં લઈ મુદ્દા નં.૧નો નિર્ણય 'નકારમા' ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.*

***–: હુ ક મ :–***

૧. *ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫ (૧) અન્વયે આરોપી ને ભારતીય ફોજદારી ધારાની કલમઃ–૨૮૩ મુજબનાં શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.*

૨. *આરોપીએ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ (એ) મુજબ જામીન આપવા અન્યથા આરોપી એ આપેલ અગાઉનાં જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.*

*હુકમ આજ રોજ ને ખુલ્લી અદાલત મા વાંચી–સંભળાવી જાહેર કર્યો.*

**તારીખઃ૦૧/૦૧/૨૦૧૮.**
**મુકામઃ અમદાવાદ.**

**(અતુલકુમાર આર. પટેલ)**
**ઍડિ. ચીફ મૅટ્રોપોલીટન મૅજિસ્ટ્રેટ,**
**કૉર્ટ નં. ૭, અમદાવાદ.**

UNIQUECODEGJ00710